ગાંધીનગર સમાચાર

# મહેસાણા જિલ્લા પંચાયતમાં અંદાજે ૭૧ થી ૭૩ ટકા મતદાન

મહેસાણા, તા. ૨૯

મહેસાણા જિલ્લા પંચાયત, જિલ્લાની દસ તાલુકા પંચાયતો તેમજ જિલ્લાની ચાર નગરપાલિકાઓ તેમજ અન્ય બે પાલિકાઓની પેટા ચૂંટણી આજે એકંદરે શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી. જેમાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં અંદાજે ૭૧ થી ૭૩ ટકા જેટલું મતદાન થયું હતું. જયારે જિલ્લાની ચાર નગરપાલિકાઓ તેમજ વિજાપુર અને વડનગર પાલિકાની પેટા ચૂંટણીમાં અંદાજે ૬૮ થી ૭૦ ટકા મતદાન થયું હોવાના અહેવાલ મળ્યા છે.

આજે યોજાયેલ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ દરમિયાન જિલ્લાના કેટલાક સ્થળોએ બોલાચાલી-ઘર્ષણના છૂટાછવાયા બનાવો બન્યા હતા. આમ છતાં એકંદરે શાંતિપૂર્ણ રીતે ચૂંટણી પુરી થઈ હતી. સવારના સમયે મતદાન શરૂ થતાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મતદાન મથકોએ મતદારોની કતારો મળી હતી. બાદ બપોરના સમયે મતદારોની સંખ્યા ઘટી હતી બાદ મતદાનના અંતિમ કલાકોમાં મતદારોનો ધસારો રહ્યો હતો.

જિલ્લા પંચાયતની ૪૨ સીટો માટે ૧૦૬ ઉમેદવારો અને દશ તાલુકા પંચાયતોની ચૂંટણી માટે કુલ ૧૦૧ ઉમેદવારે સહિત જિલ્લાની ચાર નગરપાલિકાઓ મહેસાણા, કડી, ઊંઝા અને વિસનગરની સામાન્ય ચૂંટણી તેમજ વિજાપુર અને વડનગર પાલિકાની પેટાચૂંટણીના ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ. મશીનોમાં સિલ થઈ ગયેલ છે.

**મહેસાણા જિલ્લામાં સમાવિષ્ટ નગરપાલિકાઓમાં મતદાન**
(ચાર વાગ્યા સુધીનાં આંકડા)

| | |
|---|---|
| મહેસાણા | ૫૨.૪૨ ટકા |
| કડી | ૬૨.૯૮ ટકા |
| વિસનગર | ૬૭.૧૫ ટકા |
| ઉંઝા | ૭૭.૭૩ ટકા |
| વિજાપુર વોર્ડ (૧) | ૬૫.૯૯ ટકા |
| વિજાપુર વોર્ડ (૨) | ૬૬.૦૦ ટકા |

**મહેસાણા જિલ્લામાં જિલ્લા પંચાયતમાં મતદાન**
(ચાર વાગ્યા સુધીના આંકડા)

| | |
|---|---|
| વિજાપુર | ૬૫.૧૦ ટકા |
| જોટાણા | ૬૯.૦૨ ટકા |
| સતલાસણા | ૭૮.૯૪ ટકા |
| મહેસાણા | ૫૭.૩૭ ટકા |
| કડી | ૬૯.૧૪ ટકા |
| બેચરાજી | ૬૭.૮૪ ટકા |
| વિસનગર | ૬૯.૨૫ ટકા |
| ખેરાલુ | ૬૪.૪૬ ટકા |
| ઉંઝા | ૬૦.૯૫ ટકા |
| વડનગર | ૭૨.૧૫ ટકા |

## મોડાસાના રાજલી ગામે બાઈકો સામ સામે અથડાતા એક યુવાનનું મોત

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા મોટી ઈસરોલથી રાજલી ગામે જવાના રોડ પર ગુરૂવારે રાત્રીના સમયે બે બાઈક ચાલકો સામ સામે અથડાતા રાજલીના આશાસ્પદ યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. યુવાનના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાયો હતો. મોડાસા રૂરલ પોલીસે અકસ્માત સર્જી ફરાર બાઈકચાલક વિરૂદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



## ઉંબરી ગામે વ્યસન મુક્તિ અભિયાનની શરૂઆત

કાંકરેજ નજીકના ઉંબરી ગામના ગ્રામજનો દારૂ પીતા કે વેચતા, ગુટખા ખાતા અને જુગાર રમતા ચેતી જજો નહીતર દંડ, જેલ અને સામાજિક બહિષ્કાર પણ કરવામાં આવશે. તેમ કાંકરેજ રાજપૂત સમાજ દ્વારા વ્યસન મુક્તિ અભિયાનના નિયમોમાં દર્સાવવામાં આવ્યું છે. કાંકરેજ નજીક ઉંબરી ગામે તાજેતરમાં કાંકરેજ રાજપૂત સમાજ દ્વારા વ્યસન મુક્તિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ વ્યસન મુક્તિ અભિયાનમાં વ્યસન કરતાં ઉંબરી ગામના ગ્રામજનો માટે દારૂ પીવા પર, દારૂ વેચાણ પર દંડ તેમજ સજા ઉપરાંત ગુટખા ખાવા, જુગાર રવા પર પણ દંડ અને સજાની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે ગામના વ્યસની વ્યક્તિની જાણકારી આપનાર તેમજ વ્યસન છોડાવનાર વ્યક્તિને પ્રોત્સાહન ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. આ વ્યસન મુક્તિ અભિયાનમાં નોરતાના નરધીરામ આશ્રમના સંત દોલતરામજી મહારાજ હાજર રહ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.







## ખેડબ્રહ્મા તાલુકામાં શાંતિપૂર્ણ મતદાન

ખેડબ્રહ્મામાં તાલુકા પંચાયતની ૨૦ સીટ અને જિલ્લા પંચાયતની ચાર સીટ માટે રવિવારે મતદાન થયું હતું. ખેડબ્રહ્મા તાલુકામાં ૯૯ બુથ પર ચુસ્ત બંદોબસ્ત સાથે શાંતિપૂર્વક મતદાન યોજાયું હતું. મોટા ભાગના બુથ પર મહિલા વોટર્સની લાઈનો જોવા મળી હતી. પુરુષ કરતા મહિલાઓએ વોટીંગમાં ઉત્સાહ બતાડયો હતો. લક્ષ્મીપુરાના બુથ પર ૯૦ વર્ષીય મુળીબેન પુંજાભાઈ ઠાકરડા તથા નાકા બુથ પર કુંવરબેન કોદરભાઈ ડાભી ઉ.વ. ૮૭ (અંધ), મકવાણા નાનીબેન મોતીભાઈ ઉ.વ. ૯૦, લાકડીના ટેકે યા માણસો દ્વારા પણ મતદાન કરવાનું ભુલ્યા ન હતા. બે વાગે ૬૩.૬૬ ટકા મતદાન થયું હતું.

# મહેસાણામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ૧૩૧૫ મતદાન મથકો પર મતદાન યોજાયું

## જિલ્લામાં કુલ ૧૧, ૭૭૦૦૧ મતદારો ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે

મહેસાણા, તા. ૨૯

મહેસાણા જિલ્લામાં આજે



જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને નગરપાલિકાની યોજાયેલી સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૫ મતદાનના દિવસે મતદારોએ મતદાન મથકે સવારે આઠ કલાકથી તેમના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યુ હતું.મહેસાણા જિલ્લા પંચાયતની ૪૨ અને સમાવિષ્ટ તાલુકા પંચાયતોની કુલ ૨૧૬ બેઠકો માટે સામાન્ય ચૂંટણી શાંતિપુર્ણ યોજાઇ હતી.

આજે મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે મહેસણા જિલ્લા પંચાયત અને નગરપાલિકા માટે ૧૩૧૫ મતદાન મથકોએ મતદાન યોજાયુ હતું. મહેસણ જિલ્લામાં ૩૮૧ સંવેદનશીલ અને ૪૮૮ અતિસંદેવનશીલ મતદાન મથકો ઉપર ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા અને વિડીયોગ્રાફી દ્વારા મતદાન યોજાયું હતું

જિલ્લા પંચાયતની બેઠકો માટે ૧૦૬ હરીફ ઉમેદવારો અને દશ તાલુકા પંચાયતની ચૂંટણી માટે ૫૦૧ હરીફ ઉમેદવારોનું ભાવિ મતદાતાઓ ઈ.વી.એમ મશીનમાં સીલ કર્યું છે..જિલ્લામાં ૩૧૧૦ બેલેટ યુનિટ અને ૩૧૧૦ કંટ્રોલ યુનિટ થકી મતદાન થયેલ છે.જિલ્લામાં ચૂંટણી નિષ્પક્ષ,મુક્ત અને ન્યાયપુર્ણ વાતાવરણમાં યોજાય તે માટે સુશ્રી મમતા વર્મા કમિશ્નર ઉધોગ ગાંધીનગરની નિમણુંક કરાઇ હતી. આ ઉપરાંત જિલ્લા પંચાયત માટે ૧૨ અને તાલુકા પંચાયત માટે ૨૪ ચૂંટણી અધિકારીઓશ્રીઓની આયોગ તરફથી નિમણુંક કરાઇ હતી. ચૂંટણી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ શાંતિપુર્ણ મતદાન યોજાયું હતું,

જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટર લોચન સેહરા રાજય ચૂંટણી પંચના ચૂંટણી નિરીક્ષક આજે શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના મતદાન મથકોની મુલાકાત લઈ મતદાન પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું અને જરૂરી જાણકારી મેળવી હતી. જિલ્લા કલેકટરશ્રી લોચન સેહરાએ મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી.





## પ્રાંતિજ તાલુકામાં જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતની ચૂંટણી શાંતિમય સંપન્ન

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં પણ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી આજરોજ ૨૯ નવેમ્બરના રોજ યોજાઈ હતી. જેમાં મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું અને પોતાના મતાધિકારનો ઉપય.ોગ કરી લોકશાહીમાં સહી પુરી હતી. પ્રાંતિજ તાલુકામાં સ્થાનિક સ્વરાજની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી માટેનું આજે મતદાન યોજાયું હતું જેમાં પ્રાંતિજ તાલુકાના વાઘપુર ખાતે ભાજપ - કોંગ્રેસના બંને ઉમેદવારોએ મતદાન કર્યું હતું અને સવારથી જ મતદારોની મત આપવા માટેની લાંબી લાઈનો જોવા મળી હતી. અને અપંગ - વૃદ્ધોએ પણ મતદાન કરવામાં પાછા પડ્યા ન હતા. જ્યારે પ્રાંતિજ તાલુકાના ભાગપુર ખાતે રહેતા અને સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના સાંસદ દિપસિંહ રાઠોડે પણ પોતાના ગામે મતદાન કર્યું હતું અને બહાર આવીને પોતાના પક્ષના કાર્યકરોને મળી ઉત્સાહ વધાર્યો હતો. અને મતદારોને અચૂક મતદાન કરવા માટે અપીલ પણ કરી હતી.

# વડગામ તાલુકામાંથી બનાસ ડેરીની ચૂંટણી માટે ૫ ઉમેદવારના ૯ ફોર્મ ભરાયા

**બનાસ ડેરીની ચૂંટણીમાં વડગામ તાલુકામાં ભાજપ - કોંગ્રેસના મહારથીઓ પ્રથમ વખત એક બની ચૂંટણી જંગમાં**

વડગામ, તા. ૨૯

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોની જીવાદોરી સમાન અને એશિયામાં નંબર વન ગણાતી બનાસ ડેરીની ચૂંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ ઉમેદારોના ફોર્મ ભરવાના આજે છેલ્લા દિવસે વડગામ તાલુકામાંથી પાંચ ઉમેદવારોના નવ ફોર્મ ભરાયા હોવાનું વડગામ મામલતદાર આર. કે. પટેલે જણાવ્યું હતું.

બનાસ ડેરીની ચૂંટણી માટે વડગામ તાલુકામાંથી દિનેશભાઈ વાઘજી ભટોળ જલોત્રા - ૨ ફોર્મ, નરસંગભાઈ ગણેશભાઈ પટેલ - એદરાણા ૧ ફોર્મ, ફલજીભાઈ ઘેમરભાઈ પટેલ સમશેરપુરા -૧ ફોર્મ તેમજ વડગામ તાલુકાના મજબૂત સહકારી આગેવાન ચૌધરી કેશરભાઈ પરથીભાઈ માહીના - ૪ ફોર્મ તેમજ રામજીભાઈ જે. કરણ મેગાળ ૧ ફોર્મ મળીને તા. ૨૮-૧૧-૨૦૧૫ના ફોર્મ ભરવાના અંતિમ દિવસે પાંચ ઉમેદવારોએ નવ ફોર્મ રજૂ કરાયા છે. જેને લઈને વડગામ તાલુકામાં પણ ચૂંટણીનો ભારે ગરમાવો આવી ગયો છે. ફોર્મ ભરવાના અંતિમ દિવસે વડગામ તાલુકાના પરીપકવ સહકારી આગેવાન કે. પી. ચૌધરીએ વડગામ માર્કેટ યાર્ડ ખાતે તાલુકાના ખેડૂતો, આગેવાનોની એક સભા યોજી હતી. જેમાં તાલુકા ભરમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો, દૂધ ઉત્પાદક ગ્રાહકો તેમજ તાલુકાના ભાજપ - કોંગ્રેસના મહારથીઓ એક મંચ પર સહકારી ચૂંટણીમાં જોવા મળ્યા હતા. વડગામ માર્કેટ યાર્ડના ચેરમેન અને સહકારી ક્ષેત્રે મજબૂત પક્કડ ધરાવતા કે. પી. ચૌધરીએ ઉપસ્થિત જનસંખ્યાને સંબોધીને બનાસ ડેરીના પૂર્વ ચેરમેન પરથીભાઈ ભટોળના ભ્રષ્ટાચારો લોકો સમક્ષ જણાવતા લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવીને બનાસ ડેરીમાં પરીવર્તન લાવવા હુંકાર કર્યો હતો. ત્યારે હવે જોવાનું રહ્યું કે બનાસ ડેરીમાં શું નવા જુનની થાય છે તે તો સમય જ બતાવશે. અત્યારે તો બનાસ ડેરીની ચૂંટણીને લઈને વડગામ તાલુકામાં પણ ભારે ગરમાવો આવી ગયો છે.





બનાસકાંઠામાં પાલનપુરમાં તેમજ ડીસામાં સવારથી જ મતદારોમાં અનોખા ઉત્સાહ જોવા મળ્યો હતો. સવારે ૨ કલાકમાં ૯ ટકા મતદાન નોંધાયો હતો. ત્યારબાદ બપોર સુધીમાં ૨૫.૯૭ ટકા મતદાન નોંધાયું હતું જે સાંજ સુધીમાં પાલનપુરમાં અંદાજીત ૫૯ ટકા તેમજ ડીસામાં ૬૨ ટકા થવાનો અંદાજ લગાવ્યો છે.

## ખેડબ્રહ્મામાં ૧.૭૬ લાખની લૂંટ

ખેડબ્રહ્મા શહેરમાં શનિવાર સાંજના એક આંગડીયા પેઢીના કર્મચારી પાસેથીરૂ. ૧.૭૬ લાખની લુંટ કરી ચોર ઈસમો ફરાર થઈ ગયા હતા.

ખેડબ્રહ્માના સરદાર ચોક નજીક નિલેશકુમાર અંબાલાલ પટેલ નામની આંગડીયા પેઢી આવેલ છે. જયાં પ્રેમપુર-હિંમતનગરના રામી મણીભાઈ શંકરભાઈ કામ કરે છે જેઓ શનિવાર સાંજના પેઢીનું કામ પતાવી ૪ વાગ્યાની આસપાસ પેટ્રોલપંપ એસ.ટી. સ્ટેન્ડ જવા નીકળ્યા હતા જયાં રસ્તામાં અલ્ટો જેવી કારમાં ૨૫ થી ૩૦ વર્ષના ત્રણ યુવાનો આવી તેમને કારમાં બેસાડી લઈ ગયા હતા અને સાંજના ૬ વાગ્યાની આસપાસ ખેડબ્રહ્માથી પાંચ કીમી દૂર વરતોલ ચામુંડા માતાજી મંદિર પાસે ઉતારી ૧.૭૩ લાખ લઈ ફરાર થઈ ગયા હતા. જે અંગે મણીભાઈ શંકરભાઈ રામીએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# ખેડબ્રહ્મામાં નગરપાલિકા ભાજપના હાથમાંથી જતા ખળભળાટ સાથે રાજકીય ગરમાવો

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મામાં નગરપાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની બીજી ટર્મની ચૂંટણીમાં ભાજપના ત્રણ સભ્યો ગેરહાજર રહેતાં કોંગ્રેસના પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટાયા હતા. જેથી ભાજપના સદસ્યે રાજયના નામોદિષ્ટ અધિકારી સમક્ષ આ ત્રણ સભ્યોને ગેરલાયક ઠરાવવા રજૂઆત કરતાં નામોદિષ્ટ અધિકારીએ ગુજરાત પક્ષાતર ધારા હેઠળ આ ત્રણ સદસ્યોને ગેરલાયક ઠરાવવા સુનાવણીમાં હાજર રહેવા નોટીસ ફટકારવામાં આવી છે જેથી ખેડબ્રહ્મા શહેરમાં ખળભળાટ સાથે રાજકીય વાતાવરણ ગરમાયું છે.

આ અંગેની વિગતો એવી છે કે ખેડબ્રહ્મા નગરપાલિકાની પ્રથમ ટર્મમાં ભાજપનું શાસન હતું. જેમાં ભાજપ ૨૭ સદસ્યો પૈકી ૧૪ સદસ્યો સાથે પાતળી બહુમતી ધરોવતો હતો. જયારે કોંગ્રેસના ૧૨ અને એક અપક્ષ સદસ્ય હતો. પાલિકાની બીજી ટર્મ માટે પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી ૨૫ ઓગસ્ટના રોજ યોજાઈ હતી. જેમાં ભાજપના વલ્લભભાઈ રણછોડભાઈ પટેલ, અર્ચનાબેન ચંપકલાલ શાહ અને લક્ષ્મીબેન મનુભાઈ વણઝારા સભામાં ગેરહાજર રહ્યા હતા. જેથી કોંગ્રેસના સાગરભાઈ પટેલ પ્રમુખ તરીકે અને ગોપાલભાઈ રાવલ ઉપપ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા હતા જેથી કોંગ્રેસે ભાજપ પાસેથી સાડા બાર વર્ષ પછી સત્તા આંચકી લીધી હતી.

દરમિયાન ભાજપના સદસ્ય ગોવિંદભાઈ આશાભાઈ વણકરે ગુજરાતના રાજયના નામોદિષ્ટ અધિકારી અને જમીન સુધારા કમિશ્નર સમક્ષ આ ત્રણ સદસ્યોને ગુજરાત પક્ષાંતર ધારા-૧૯૮૬ની કલમ-૩ હેઠળ સદસ્ય તરીકે ગેરલાયક ઠરાવવા કાયદેસરના પગલાં ભરવા તા. ૧૭ ડિસેમ્બરના રોજ હાજર રહેવા નોટીસ ફટકારવામાં આવી છે અને આધાર-પુરાવા સાથે હાજર રહેવા સૂચના આપવામાં આવી છે.

ભાજપના ત્રણ સભ્યોને પક્ષાંતર ધારા હેઠળ ગેરલાયક ઠરાવવા નોટીસ ફટકારવામાં આવતાં શહેરનું રાજકીય વાતાવરણ ગરમાયું છે અને જો આ ત્રણ સભ્યો ગેરલાયક ઠરે તો પાલિકામાં પેટાચૂંટણી થાય તેવી શક્યતાઓ વધી જવા પામી છે.

અત્રે ઉલ્લેખનીય છે પાલિકામાં સમિતિઓની રચનામાં ભાજપની આ બે મહિલા સદસ્યો ગેરહાજર રહી હતી અને વલ્લભભાઈ પટેલને પાલિકામાં અગત્યનું ટાઉન પ્લાનિંગ સમિતિનું સુકાન સોંપવામાં આવ્યું હતું.







## મહેસાણા જિલ્લા ચૂંટણી અધિકારીએ મત આપી લોકશાહી પર્વની ઉજવણી કરી

શિયાળો દરવાજે આવી ગયો છે તેઓ અહેસાસ કરાવતી સવારની ગુલાબી ઠંડી વચ્ચે મહેસાણા જિલ્લામાં મતદાન કરી લોકોએ લોકશાહી પર્વની ઉજવણી કરી હતી. સ્થાનિક સ્વરાજ ચૂંટણી-૨૦૧૫ અન્વયે રાજય ચૂંટણી પંચ દ્વારા મહેસાણા જિલ્લાના દરેક નિર્ધારીત કરવામાં આવેલ મતદાન કેન્દ્રો ઉપર સવારનાં ૮ કલાકથી મતદાન શરૂ થયું હતું અને શાંતિપુર્ણ પૂરૂ થયું હતં... સમગ્ર ચુંટણી તંત્ર પુર્ણ સક્રિયતા કરેલ કામગીરીથી જિલ્લામાં શાંતિમય અને મુકત વાતાવરણમાં મતદાતાઓ મતદાન કર્યુ હતું. મહેસાણા જિલ્લામાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર લોચન સેહરાએ શહેરના વર્ધમાન વિધાલય ખાતે લોકશાહી પર્વનું અમુલ્ય મતદાન કર્યું હતું. જિલ્લા કલેકટર લોચન સેહરાએ જણાવ્યું હતું કે મતદાન આપણો અધિકાર અને ફરજ છે. જેનું પાલન દરેક મતદાતાઓ કરવુ જોઈએ.જિલ્લામાં શાંતિપુર્ણ મતદાન થયું છે.